Planning Department
No.......
Date.......

## <u>અધિસૂચન</u>

### <u>ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ–૧૯૭૬</u>
### <u>ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ રૂલ્સ –૧૯૭૯</u>

### મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં.૨૫(ઢુંઢી–સિંગણપોર)

આથી તમામ હિત ધરાવતી અને સંબંધિત વ્યક્તિઓને હું નીચે સહી કરનાર પી.પ્રસાદ, નગર રચના અધિકારી, નગર રચના યોજના(કુંભારીયા–કપદ્રા યુનીટ) સુરત. ખબર આપું છું કે ગુજરાત સરકારશ્રીના તા. ૨૨–૯–૯૮ ના એક્સ્ટ્રા ઓર્ડિનરી રાજપત્ર ભાગ –૪–ના પાના નં. ૨૪૮ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવેલ શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા. ૧૭–૯–૯૮ ના જાહેરનામા ક્રમાંક જીએચવી/૧૯૯૮ નો ૧૪૭/ટીપીવી/૧૪૮૨–વ. મુજબ મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં. ૨૫(સિંગણપોર–ઢુંઢી) ને અંતિમ કરવા માટે નગર રચના અધિકારી તરીકે નગર રચના અધિકારી, નગર રચના યોજના ,સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન એકમ-૧ ની નિમણૂંક થયેલ છે. ત્યાર પછી શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા. ૮–૯–૯૯ ના અધિસુચન ક્રમાંક જીએચવી/૧૯૯૯ નો ૮૮/ટીપીવી/૧૦૯૯–૯૦૪–વ. મુજબ મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં. ૨૫(સિંગણપોર–ઢુંઢી) ને અંતિમ કરવા માટે નગર રચના અધિકારી તરીકે નગર રચના અધિકારી, નગર રચના યોજના ,સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન એકમના બદલે નગર રચના અધિકારી, નગર રચના યોજના કુંભારીયા–કપદ્રા ની નિમણૂંક થયેલ છે.

ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ રુલ્સ ૧૯૭૯ના નિયમ ૨૯ ના પેટા નિયમ (૧)ની જોગવાઈઓ મુજબ આ નોટીસથી જાહેર કરું છુ કે આજરોજ તા. ૨૪–૯–૯૯ ના રોજ ઉપરોક્ત યોજના માટે નગર રચના અધિકારી તરીકેની ફરજો સંભાળી લીધેલ છે.

<u>યોજનાના વિસ્તારની વિગત</u> –

<u>મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં.૨૫ (ઢુંઢી–સિંગણપોર)</u>

<u>હદનિશાન</u>
ઉત્તરે – મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં.૨૬ (સિંગણપોર)ની હદ
પૂર્વે – મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં.૧૮( કતારગામ) અને મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં.૨૪ (ઢુંઢી)ની હદ
દક્ષિણે – મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં.૨૪ (ઢુંઢી)ની ની હદ
પશ્ચિમે– તાપી નદી
અંદાજિત વિસ્તાર – ૧૧૫.૫૦ હેક્ટર

નોંધ – ઉપરોક્ત યોજનામાં મોજે ટુંકીના રે.સ.નં. ૨૫ થી ૨૭ અને ૩૪ થી ૫૧ તથા મોજે સિંગણપોરના રે.સ.નં.૪૩,૪૪,૫૪ થી ૬૨, ૬૭ થી ૯૯, ૧૦૦ થી ૧૦૫, ૧૪૨ થી ૧૪૫, ૧૪૭,૧૫૦ અને ૧૫૭ નો સમાવેશ થાય છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ હેઠળ બનાવેલ નિયમોના નિયમ–૨૯ પેટા નિયમ–૩ ની જોગવાઈઓ મુજબ લાગતા વળગતા તમામને હું આથી ખબર આપુ છું કે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ની કલમ–૫૨ (બાવન) માં જણાવેલ બાબતો માટે મુસદ્દારુપ નગર રચના યોજનામાં આવરી લેવામાંઆવતાં બધાજ સર્વે નંબરોમાં અસર પામતી વ્યક્તિઓને હિત સંબંધધરાવતા ઇસમોને આ અધિસૂચન સરકારશ્રીના રાજયપત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી દિવસ ૨૦ માં પોતાના જે કોઈ વાંધાઓ કે સૂચનો હોઈ તે લેખિત રીતે જરુરી પુરાવા,વિગતો સાથે મારી સમક્ષ રજુ કરવા.

ઉપરની નગર રચના યોજનાની દરખાસ્તોથી જે જે વ્યક્તિઓને મિલ્કત અગર હક્ક કે હિત ધરાવતી વ્યક્તિઓને નુકશાન થતુ હોય તેવા નુકશાન બાબત ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ની કલમ–૮૨ મુજબ નુકશાની માંગવા હક્કદાર હોય તેમણે પોતાના દાવા નીચે સહી કરનાર નગર રચના અધિકારીને આ અધિસૂચન પ્રસિધ્ધ થયા તારીખથી ત્રણ (૩) માસની અંદર જરુરી પુરાવાઓ,વિગતો સાથે લેખિતમાં મોકલી આપવા.

સરકારશ્રીએ મંજુર કરેલ મુસદ્દારુપ નગર રચના યોજના ,સુરત નં.૨૫ (ટુંકી–સિંગણપોર) ની નકલ નગર રચના અધિકારીશ્રીની કચેરીમાં કચેરી સમય દરમ્યાન જરુરી દસ્તાવેજો,પુરાવાઓ,પ્લાન,સંબંધિત ફોર્મ વિગેરે જોવાં માટે ખુલ્લા રાખવામાં આવેલ છે. સદર યોજનાની દરખાસ્તોથી અસર પામતી મિલ્કતોના માલીકો કે વ્યક્તિઓને કચેરીમાં જોઈ જવા વિનંતી છે. યોજનાની દરખાસ્તો સમજાવવા માટે વ્યવસ્થા કરવામાં આવી છે.

સુરત.
તા. ૨૪–૯–૯૯

(પી. પ્રસાદ)
નગર રચના અધિકારી,
નગર રચના યોજના સુરત
નં.૨૫(ટુંકી–સિંગણપોર)

<u>સરનામુ</u>–
નગર રચના અધિકારીશ્રીની કચેરી,
નગર રચના યોજના સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન એકમ -૧
કાંસકીવાડ,મ્યુનિસિપલ વોર્ડ ઓફીસ,,ત્રીજો માળ,
સુરત–૩.